# સાંઘી ગ્રુપ દ્વારા પદયાત્રીઓ માટે સેવા કેમ્પ યોજાયો



ભુજ : માતાનામઢ જતા પદયાત્રિકોની સેવાર્થે સાંઘી ગ્રુપ દ્વારા ધોરખ ટેકરી સામે પદયાત્રી સેવા કેમ્પ કાર્યરત કરાયો હતો. આ કેમ્પમાં ૧૦૦૦ જેટલા યાત્રીઓને મસાજ, માલીસ ઉપરાંત વિવિધ પ્રકારની મેડિકલ સારવાર આપવામાં આવી હતી. આ કેમ્પનું ખાસ મહત્ત્વ એ પણ હતું કે માતાનામઢના નવરાત્રિ મેળા દરમ્યાન રસ્તા ઉપર બેસી છૂટક વેપાર કરતા ધંધાર્થીઓ માટે પણ તે આશીર્વાદરૂપ પૂરવાર થયો હતો. કંપનીના સેવાભાવી તબીબી સ્ટાફ અને અન્ય કર્મીઓ પદયાત્રીકોની સેવાર્થે ૨૪ કલાક ખડેપગે રહ્યા હતા. દૂર-સુદૂરથી આવતા માઈભક્તો આ કેમ્પમાં સેવા પામી હળવાફુલ બની ગયા હતા.